w

G
Opera

રાંભાજે સુંદરી

રગર ધણી ગાદેનાં

દારજ સાહેબ

દારજરામ રાગરસ લાલ ભટ્ટ

રૂપલનો

# શારદા વિજય
# નાટકનાં ગાયનો

લેખક:- શિવશંકર કાળીદાસ વૈદ્ય

પ્રકાશક:- નવીન સુબોધ વિજય નાટક સમાજ.

ઈ.સ. ૧૯૦૬

# સૌભાગ્ય સુંદરી

## પાત્રો.

મહારાજા ચતુરસિંહ..................દુર્ગેશ નગરીનો આધપતી
સૌભાગ્ય................................તેનો પુત્ર
દુર્મેદ.....................................ચતુરસિંહનો પીતરાઇ
માધવ....................................સૌભાગ્યનો મિત્ર
સુંદરસેન..............................વૈભવ પુરનો રાજા, સુંદરીનો પીતા
ઓાપડુજા..............................રાણી કુમતીના બ્હેનનો દીકરો
ગુમાનસિંહ...........................એક રજપુત, દુર્મદનો મદદગાર

## સ્ત્રીઓ.

રાણી કલ્યાણી....................રાજા ચતુરસિંહની પટરાણી
સુંદરી.................................રાજા સુંદરસેનની આગલી રાણીની પુત્રી
ને સૌભાગ્યની સ્ત્રી
કુમતી... ........સુંદરસેનની નવી રાણી, સુંદરીની ઓરમાનમા
ગુણવતી...............................દુર્મદની દીકરી, માધવની સ્ત્રી
સુશિલા.....................................દુર્મદની સ્ત્રી
માલતી....................................સુંદરીની સખી.

પ્રધાન, દરબારીઓ, વારાંગનાઓ સીપાઇઓ દાસીઓ વગેરે.

ૐ

શ્રી. સિદ્ધેશ્વરોજ્યતિ.

# સૌભાગ્ય-સુંદરી નાટકનો ટુંક સાર.

## પૂર્વવૃત્તાંત.

દુર્ગેશ નગરીના મહારાજા ચતુરસિંહે કોઇ દુષ્ટના ભરમાવ્યાથી પોતાની સાધ્વી સ્ત્રી ઉપર શંકા લાવી તેને બાળક સહીત નદીમાં ફેંકી દીધાં. ઇશ્વરની ગતિ ગહન છે. રાણી તણાતાં તણાતાં દુર્ગેશ નગરીની નજીકમાંજ કિનારો હાથ લાગવાથી બહાર નીકળી છે અને પતિના આવાં વર્તનને લીધે પોતાને સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી એજ નદીના કિનારા ઉપર એક ઝુંપડી બાંધી ઇશ્વર ભજનમાં દિવસો નિર્ગમન કરતી ત્યાંજ રહે છે.

બીજી બાજુ કુમળું બાળક વૈભવપુરનો એક વીર રાજપૂત રણજીતસિંહ નદીમાં સ્નાન કરે છે ત્યાં તેના હાથમાં આવી ચડે છે. પોતે ન સંતાન હોવાથી આ પ્રમાણે અનાયાસે મળેલા બાળકનું સૌભાગ્યસિંહ નામ ધારણ કરી પુત્ર ભાવથી ઉછેરી તેને મોટો કરે છે. સૌભાગ્યની ઉમ્મર, પંદર સોળ વર્ષની થતાં કાળચક્રના નિયમાનુસાર રણજીતસિંહ પોતાનો મરણકાળ નજીક આવ્યો જાણી સૌભાગ્યને પાસે બોલાવી, પોતે તેનો પાળક પીતા છે, ખરો પીતા નથી એમ જણાવી, સૌભાગ્ય પોતાને નદીમાંથી મળી આવેલો તે વખતે સૌભાગ્યની, આંગળીએ જે એક વીંટી હતી તે સૌભાગ્યને આપેછે સૌભાગ્યનાં ખરાં મા બાપ કોણ છે તે જાણવાનું વીંટીજ સાધન હોવાથી એ વીંટી સૌભાગ્યને જીવ સમાન જાળવવાની ભલામણ

કરે છે. ઉપર લખેલો બનાવ નાટકમાં દેખાવ રૂપે નહીં દેખાતો હોવાથી સૌભાગ્યનું પૂર્વ વૃત્તાંત આ ઠેકાણે આપવાની જરૂર જણાઈ છે નાટકની શરૂઆત વખતે સૌભાગ્યની ઉમર એકવીસ વરસની છે આજે તે વૈભવપુર નગરીનાં ભુવનેશ્વરી માતાનો વાર્ષીકમહોત્સવ હોવાથી દર્શન કરવા આવે છે ત્યાંથા નાટક શરૂ થાય છે.

## નાટકની સરૂઆત.

### નાન્દી—સુત્રધાર તથા નટીની નાટક સંબંધી વાત ચીત.

### અંક ૧ લો

—:o:—

પ્રવેશ ૧ લો—ભુવનેશ્વરી માતાના મેળામાં સૌભાગ્ય તથા સુંદરીનું પ્રેમ બંધન.

પ્રવેશ ૨ જો—સુંદરીની ઓરમાનમા કુમતીએ રાજાને સમજાવી પોતાની બ્હેનના દીકરા મૂર્ખ ઓધડભાને સુંદરીના સગપણનો ચાંલ્લો કરવો.

પ્રવેશ ૩ જો—સુંદરાને સૌભાગ્યે ગવૈયા વેષે મળવું. ઓધડભા સાથે સુંદરીના સગપણની ખબર, સુંદરીને ધિરજ દઇ પોતાથી છુટી નહીં પડવા દેવાનું વચન આપી સૌભાગ્યનું જવું.

પ્રવેશ ૪ થો—માધવ તથા સૌભાગ્ય વચ્ચે સુંદરીનું ઓધડભા સાથે વેશવાળ થયા વિષેની વાતચીત. માધવનું સ્ત્રી વેશે સૌભાગ્યની વીંટી તથા ચીઠી લઇ સુંદરીના મહેલમાં જવું.

પ્રવેશ ૫ મો—સુંદરીને પોતાનાં કપડાં પહેરાવી પોતે સુંદરીનાં કપડાં પહેરી માધવે સુંદરીને સૌભાગ્ય પાસે મોકલી દેવી સુંદરી વેષે માધવ તથા ઓધડભાની ગમ્મત.

પ્રવેશ ૬ ઠો—સુંદરી નાશી ગયાની ખબર પડવાથી રાણી કુમતીનું સુંદરસેનને ઉસ્કેરવું સુંદરસેનનું માણુસો લઇ સુંદરીની પછવાડે જવું.

પ્રવેશ ૭ મો—જંગલમાં થાકી જવાથી સૌભાગ્ય-સુંદરી તથ માધવનું રોકવું, ત્યાં સુંદરસેને આવીને સૌભાગ્યને ઘાયલ કરવાથી શીકારે નીકળેલા તે દેશના માહારાજા ચતુરસિંહ ત્યાં આવી ચડવાથી સર્વને કેદ કરી પોતાના રાજ્યમાં લઇ જવું.

## અંક ૨ જો.

—:o:—

પ્રવેશ ૧ લો—ચતુરસિંહ મહારાજની દરબારમાં સૌભાગ્ય-સુંદરી તથા સુંદરસેનનો ન્યાય, સૌભાગ્ય સુંદરીનો હસ્ત-મેળાપ, માહારાજા ચતુરસિંહે સૌભાગ્ય ઉપર પ્રસન્ન થઇ પોતાના પીતરાઇ ભાઇ દુર્મદવાળી સેનાપતિની જગ્યા સૌભાગ્યને આપવી, આ ઉપરથી દુર્મદને સૌભાગ્ય ઉપર ઇર્ષ્યા ઉત્પન્ન થઈ વેર બંધાવું.

પ્રવેશ ૨ જો—દુર્મદે પોતાની સ્ત્રીને સુંદરીની વીંટી ચોરવા મોકલવું.

પ્રવેશ ૩ જો—સુશિલાએ સુંદરીની વીંટી ચોરવી, પાછળથી દુર્મદે આવી સૌભાગ્યને ઉંધુંચત્તું સમજાવી ગુમાનસિંહ નામના એક રજપૂતના હકની તોપખાનાના ઉપરીની જગ્યા તેનો હક રદ કરી માધવને અપાવવી.

પ્રવેશ ૪ થો—ચોરેલી વીંટી સુશીલાએ દુર્મદને આપવી.

પ્રવેશ ૫ મો—દુર્મદ તથા ગુમાને કરેલા સંકેત પ્રમાણે માધવને ગુન્હેગાર ઠરાવી સૌભાગ્યને હાથે માધવને બર-તરફ કરાવવો, અને સુંદરીની ચોરેલી વીંટી દુર્મદે યુક્તિથી માધવને આપવી. ગુમાને માધવને મારી નાંખવાની યુક્તિમાંથી, ગુણવતીનું માધવને બચાવી લેવું.

પ્રવેશ ૬ ઠો—માધવે ગુણવતીનો ઉપકાર માનવો, પાછળથી દુર્મદે આવી માધવને પોતાને ઘેર લઇ જવાની ગુણવતીને ભલામણ કરવી.

પ્રવેશ ૭ મો—દુર્મદે માધવ તથા સુંદરી માટે સૌભાગ્યના અંતરમાં અઘટિત શંકા ઉત્પન્ન કરવી.

પ્રવેશ ૮ મો—માધવ અને સુંદરીનો નિર્દોષ મેળાપ માધવના ખીસ્સામાંથી સુંદરીની વીંટી નીકળવાથી સૌભાગ્યના મનમાં શંકાનું દ્રઢ થવું, માધવને તિરસ્કાર કરી કાઢી મૂકવો, મધરાત્રે સુંદરીનું ખૂન કરવાનો સૌભાગ્યે નિશ્ચય કરવો.

પ્રવેશ ૯ મો—દુર્મદે માધવને મારી નાંખવા વિશેની ગુમાન ઉપર ચીઠી લખી, ગુમાનને આપવાનું ગુણવતીને કહી સૌભાગ્યને ફસાવા જવું. પાછળથી ગુણવતીએ ચીઠી ફોડી વાંચી માધવને બચાવવા યુક્તિ કરવી.

પ્રવેશ ૧૦ મો—સૌભાગ્યે સુંદરીને ગુંગળાવી નદીમાં નાંખી દેવી તેજ વખતે ત્યાં દુર્મદે આવી ખૂનના આરોપસર સૌભાગ્યને પકડવો.

## અંક ૩ જો.

—:o:—

પ્રવેશ ૧ લો—માધવ તથા ગુણવતીએ માધવનું ખુન કરવા આવેલા ગુમાનને પકડી તાપસીબાઇ પાસે લઇ જવો.

પ્રવેશ ૨ જો.—નદીમાં તણાઇ આવતી સુંદરીને તાપસીબાઇએ બહાર કાઢવી સુંદરીને શુદ્ધિ આવતાં અરસપરસની વાતચીતમાં તાપસીબાઇની ચતુરસિંહની રાણી તરીકેની ઓળખાણ.

પ્રવેશ ૩ જો—મહારાજા ચતુરસિંહ પાસે સૌભાગ્યને ખુનના આરોપ સર દુર્મદે રજુ કરવો. સૌભાગ્યને શુળીની સજા.

પ્રવેશ ૪ થો—પુરૂષ પોશાકમાં આવેલી સુંદરીએ, રાજા ચતુરસિંહને પોતાને સૌભાગ્યના જેવોજ ગુન્હેગાર ઠેરવી સૌભાગ્યને શુળીની સજામાંથી છોડાવવો.

પ્રવેશ ૫ મો—પુરૂષ પોશાક વાળી સુંદરીએ પોતે કરેલા ઉપકારના બદલામાં સૌભાગ્ય પાસેથી દરબારમાં આવવાનું વચન લેવું

પ્રવેશ ૬ ઠો—પુરૂષ પોશાકને લીધે સુંદરાને પુરૂષ જાણી સુંદરા ઉપર મોહીત થએલી ગુણવતીની ગમ્મત.

પ્રવેશ ૭ મો—સુંદરીએ દુર્મદનાં કાળાં કૃત્યોને ઉઘાડાં પાડી પોતે નિર્દોષ ઠરવું. સૌભાગ્ય-સુંદરી તેમજ રાજા ચતુરસિંહ તથા રાણી કલ્યાણીનો મેળાપ. પોતાનો નદીમાં નાખી દીધેલો પુત્ર પાછો મળી આવવાથી રાજા રાણીને થતો આનંદ સૌભાગ્યને રાજ્યાભિષેક. માધવ તથા ગુણવતીનો હસ્ત મેળાપ સર્વનો આનંદ.



# સૌભાગ્ય-સુંદરી.

## અંક ૧ લો.

——:o:——

### મંગળાચરણ.

સૂત્રધાર— ૧

ગિરાજાપતી હો સાંબ,
રસ પૂર્ણ બ્રહ્મ તું વર દે—ગિર૦
તું વરદાઇ સુખદાઇ
દાતા ત્રાતા કર દે—ગિર૦

નટી— ૨

પીયુ બાંધો પુરા પ્યારે
સતો થાશો સુખી ત્યારે—પીયુ૦
શીયળ સંભાળો સતી એ મુલ માણેક,
પ્રેમની પથારી માંહી પતિને પોઢાડો બાઇ,
હુકમ ઉઠાવો ફરમાવ્યો આધારે પીયારે—પીયુ૦

પુજારીઓ— ૩

સરવે મળી આરતિ કરીએ આજ—સરવ૦
જગત માંહીં સુખકર દુઃખહર આપ નામ આનંદ અપાર ભરેછે,
સુરનર શુદ્ધ ચિત્તથી ધ્યાન ધરે છે દુષ્ટ દીસે ડરે છે,
અભય ભકતને બનાવ આઇ સહુ સ્થળમાં તું રહી સમાઇ,
હરિહર વિધિપણ રહ્યા તુજ ગુણ ગાઇ, પ્રબળ અસુર ધરણી
પછાડયા ધાઇ, છે તું એકજ વિશ્વ મહીં વરદાઇ—આરતિ૦

સુંદરી સાહેલીઓ } ૪

ચાલો સાહેલી (૨) ભુવનેશ્વરીના સૌ મળીને દરશન કરીએ;
દુઃખ હરનારી, સુખ કરનારી, સુર્તી માની અંતર ધરીએ

ભાવ ધરી જો પુજન કરીએ તો ભવ સિંધુથી તરીએ,
સુવા ચંદન કુમકુમ કેસર, અરચન કરીને મન ઠરીએ,
અબીલ ગુલાલને પુષ્પ માળથી માને વધાવા મંદિર ભરીએ-ચા૦

સુંદરી— ૫

મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યોછે ભય જાઉં ગજ જોતી,
વળી ગુમાવ્યું મેં ભાગતા ભાગતા (૨) નકવેસરનું મોતી—મારા૦
હાલવું ચાલવું હારી છું હાય, જીવ મારો ગભરાય,
કેદી ફરી મારૂં મળશે મોતી,

સૌભાગ્ય—ગોરી હું કાઢીશ ગોતા—મારા૦

કુમતિ— ૬

દાસી બનાવવા પ્રપંચી શીદ પરણ્યા,
શીદને મને ફાંસીમાં ફસાવી,
હો ખોટા રાજા મારાથી ના બોલશો,
હો કપટી રાજા મારાથી ના બોલશો,
એક મારૂં વેણુ પણુ આપ નથી પાળતા,
સુખ નામે દુઃખમાં ડુબાવી—હો ખોટા૦
લાખની મટાડી મને કરી તમે કાખની,
લ્હાવ શું લીધો મેં અહીં આવી—હો ખોટા૦

બોચડ— ૭

હુંદયડી આવો મારી હુંદયડી આવો,
હુંદયડી લાગે વ્હાલી વ્હાલી ભાઇ ભાઇ હું,
કેવી રૂપાલી સે બે આંખ્યું વાલી,
આમ સટક મટક જાય હાલી ભાઇ—આમ૦
આપણે બે પયણહું આવો રૂપાલી,
ધનના સે ઢમલા ને પેરવાને ડગલા,
ડગલાં ભરો હાથ ઝાલી ભાઈ ભાઇ—ડગલાં૦
કાખમાં તેડી તને લઇ જાઉં દીકરી,
ને ઉંઘાડું ઘોડીયામાં ઘાલી, અલ લલ હાલ હાલ—ઉંઘા૦
આપણે બે પયણહું આવો રૂપાલી,

સર્વ સ્ત્રીઓ—　　　　૮

ચાલો ચાલોને સરવ સાહેલીઓ, લીઓ કુંવરને વ્હાલે વધાવી.
વિવાહ આવ્યો ઢુંકડો.
કુમકુમ અક્ષત અબીલ ગુલાલથી, સ્નેહે મંડપ આપોને છાવી-વિવા
મંગળ દાયક મોર સુવર્ણની. આપો શ્રીફળ ફોફળ આવી-વિવા
ગાઓ ગીત, રૂપાળાં રસે ભર્યાં, ઝાઝો હરખ હૈયામાં લાવી-વિવા.

સુંદરી—　　　　૯

પ્યારા વિના પડે ન ચેન ક્યાંઇરે,
રહે છે દિલનું દરદ દિલમાં દબાઇ, સમાઇ—પ્યારા૦
લાગી મુજ લગની ત્યાંહીં, પ્રાણ વિના પીંજર આંહીં,
ટાઢું કરે કોણ બળતા જળતા તનડાને ધાઇ.
કલપી કલપી વિલપી વિલપી હારી હાઇ,—પ્યારા૦

સુંદરી—　　　　૧૦

આવી વરષા સખી,
દાદુરવા ઝિલ્લી ઝિંગરવા,
કરી શોર શારે જીગર આ—આવી.
ચપળા ચમકે મુજ કાળજું કપાઇ જાય,
વીરહ અંગારા અંગ અંગ ભર્યા,
પાપી પપૈયા પીયુ પીયુ બોલે,
ઘન બુંદ બુંદ લાગે ઝરવા,
શારે જીગર આ—આવી૦

સૌભાગ્ય—　　　　૧૧

પવન મેઘ રસ ભીના જાને, વીજળી માર્ગ બતાવે,
પ્રિયાનો વિજળી માર્ગ બતાવે,
મુજ રસ ભીના અંતરના તું જઇ સંદેશ કહાવે
વ્હાલી વિજોગી હું, મત્ત દશામાં મગ્ન રહું,

*　　*　　*　　*

ચપળા ચમકી મળે મેઘને, ગગન માર્ગને ભેદી,
કુમુદીની વીરહી ચંદ્ર શકે નહિ, મેઘ જાળને છેદી
દશા એવી મારી,
નીરખું ક્યાં હું મુજ પ્યારો—દશા૦

૧૨

સુંદરી—ઓ મનહર ચતુર સુઘડ મોહન ચિતના ચોર છો,
સૌભાગ્ય—(વાઃ વાઃ)
સુંદરી—શિરના મુગટ મોર છો,
સૌભાગ્ય—(હાં ? હાં ?)
સુંદરી—કાળજડાં તણી કોર છો,
સૌભાગ્ય—(ઓઃ હો.) ઓ મન૦
લાડકડી લલના લટકાળી )
સુંદરી—( ઓ પ્યારા જોબન વનમાળી )
સૌભાગ્ય—( વાહવા વાણી મીઠી રસાળી ) ઓ મન૦
સુંદરી—કૌસ્તુભ મણી હું બાંધું કંઠે, }
સૌભાગ્ય—(બાંધ મને બાંધ )
સુંદરી—કૌસ્તુભ મણી હું બાંધું કંઠે તેજપુંજ ઓર છો,
સૌભાગ્ય—(એમ')
સુંદરી—પ્રિય મુખ સુખ ભોર છો,
સૌભાગ્ય—(ઠીક)
સુંદરી—નાના નવલ કિશોર છો,
સૌભાગ્ય—(નવલ કિશોરો, નાજુક ગોરી, ચિત્તની ચોરટી વાહ વા
સુંદરી—ન્હાના નવલ કિશોર છો,—ઓ મન૦

સખીઓ— ૧૩

જામે જયમ જયમ જામની જામે રસ ઝણકાર,
કુલટા મન કંકાસ ને સતી મન હરખ અપાર,
રાતલડી રળીયામણી—મનમોહનજી.
કરે ચાંદલીઓ ચમકાર મનડું મોહ્યું રે મનમોહનજી.
શીયળવંતી ને સાધવી તેના સુખ ભંડાર,
ખોલ્યા પ્રભુએ ખતથી આ રાત્રી મોઝાર
પ્રેમ ભરી સતી પ્રેમદા મનમોહનજી,
તેના વાલમ છે વશીકાર મનડું મોહ્યું રે મનમોહનજી—રાત

સખી— ૧૪

જ્યારે કંથ કામની વરતી હરખ હૃદયે ભરતી,
આશા નવા નવી ધરતી, એકલડીએ ફરતી,
વ્હાલી સખીને વિસરતી પિયુનું નામ સમરતી,
મુખે પિયુ પિયુ કરતી, પિયુ મળે મન ઠરતી.

૧૫

માધવ—આવો આવોને પ્યારા ન્હાસો તો મારા સમ છે

ઓધડ—નારે ના

માધવ—હારે હા

ઓધડ—જારે જા

માધવ—વારે વા— આવોને

ઓધડ—હું તો નૈ પયણું તને રે' ની આઘો

માધવ—એગાતે શેની શરમ છે ?—ન્હાસો તો—આવો

ઓધડ—બાપા, આ તે ક્યાંથી બાઝયો છે ડાઘો ?

માધવ—ફુટયાં તમારાં કરમ છે—ન્હાસો તો—આવો.

સુંદરી— ૧૬

કંઇ કરૂણા રાખો તાતજી,
પ્યારાને તો નહી મારોરે—કંઇ.
હું બાળા દુઃખણી વીજોગમાં મા તણી,
આમ હેત નહીં વિસારો રે—કંઇ.
હું પાયેરે નમું કર જોડી વિનવું,
ભરથાર મારા ઉગારો રે—કંઇ.

## અંક ૨ જો.

દરબારીઓ— ૧૭

નીશ દિન સૌ હળી મળી જય જયની ધ્વની વદનથી ઉચારો.
શુભ શુભ નૃપ તણું નિત્ય ચિત્તમાં ધરો ઉચરો—નીશ.
સુરેશ સરખાં શુભ સુખ પામો જામો,
હરષ હુલાસભર સુખકર સુદ્દ્રઢ થકી મંગળથી ભુવનો ભરો ઉચરો—નીશ.

ચતુરસિંહ— ૧૮

મદને વશ થાએ જુવાની થકી ભાન ભુલાએ,
શાન માન જાએ—મદને.
જુવાની દીવાની સ્થીતી બન્ને એ સરખી,
ધરમ કરમથી ચળાયે—

વારાંગનાઓ— ૧૯

જાઓ નનદીયાયે કએસી સુનાવો મોહે,
[illegible]ીયાં યે [illegible]ેસી [illegible] મોહે—જાઓ.

ભીર ઘુમ્મારો નાદુર અનારી ઘર ઘર દર દર,
અટકત ભટકત નટખટ વો હમ હારી અબતો,
જાઓજી ના છેડું જાઓ મોહે— જાઓ૦

સર્વ— ૨૦

આજ હર્ષીત મન આજ પ્રફુલ્લિત તન,
આવા પ્રેમી જોડાઓનો જોઇ પ્રેમ—આજ૦

ચતુરસિંહ—પ્રેમ તહાં નહીં નેમ છે, નેમ તહાં નહીં પ્રેમ,
પ્રેમ અને મજ હોય છે પ્રેમીને મન ક્ષેમ,
અજબ પ્રેમનાં પાત્રઆ સુંદરી ને સૌભાગ્ય,
આશીષ એજ અચળ રહો સુંદરીને સૌભાગ્ય—આજ૦

ગુણવતી— ૨૧

આંખો ખોલી જો જીવ આ દીસે દુનિઆં ફાની,
શાની જીંદગાની રોજ રહેવાની માની—આંખો૦
આ ધન ધામ મેડી મ્હોલને વાડી વજીફા,
ખંતે સાચવ્યાં અંતે થવાના ધૂળ ધાણી—આંખો૦
અચિંતો દાબશે ટોટો અજલનો જો ફીરસ્તો,
કરી લેને ભલાઇ એજ છે સાચી કમાણી—આંખો૦

સૌભાગ્ય— ૨૨

કરે દ્રષ્ટી દિવાની મારી, વાહ જોઉં મોહું નિહાળી
આ પરમ શરમ ભરિત નરમ મુખડું મધુર આજ—કરે૦
રૂમક ઝુમક કરતી ફરતી ધરતી ઉપર મનડું હરતી,
સુંદરતાઇ તણી શુભ સીમા પ્રગટી જરૂર મદન પ્યારી—દ્રષ્ટી૦

સુંદરી— ૨૩

પ્હેરી ચોળી લટકાં મટકાં કરતાં આવ્યાં,
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં,
ઝાંઝરનારે ઝણકારે, કર કંકણના ખખડાટે,
કાજળથી નેત્ર દિપાવ્યાં—પ્હેરી૦
હવે શરમાવો હાલા,
શાને દીયરજી મારા,
બોલો —બોલોજી બોલો, બોલો,
મેં ક્યાં તમારાં નખરાંતો જણાવ્યાં—પ્હેરી૦

ગુણવતી— ૨૪

ધર ધીરજ મન માજી,
દિલ શોચ ન કર નેણે નીર ન ભર—ધર૦
તુજ દિલ દુઃખી જોઇ રીબાઉં,
મા તુજ ઉપર હું મરી જાઉં,
પ્યાર કરી બન રાજી—ધર૦

ગુણવતી— ૨૫

તાત શાને કરો છો આવું કુડું કામ?
જેને રાખે શ્રી રામ કરે સ્હાય ઘનશ્યામ,
તેનું લેઇ શકે કોણ નામ?—તાત૦
પ્રલ્હાદને પીડી હીરણ્યકશીપુ,
પીતાજી કમાણો શા દામ.
ખુરે મ્હોતે મુવો પાપી અંતે થઇ બદનામ—તાત૦
મોહી સતીપર શંભુને બાળવા,
ભસ્માસુરે ભીડી હામ.
બળી ભસ્મ થઈ ગયો જાતે બનીને બેફામ—તાત૦

વારાંગનાઓ— ૨૬

આઈ લો કાલી ઘટા, છાઇ મતવાલી ઘટા પ્યારી પ્યારી.
બાંકે રસીલે મેરે જોબનપે જાએ વારી—આઇ લો૦

દોહા.

બાદલ ગરજે મેઘા બરસે ધોવે દિલકા મએલ,
પ્રેમ પ્યાલા ભર ભર પીવે, પ્રેમ નગરકા છેલ,
સાકીઆ પીલા શરાબ, આ તુજે સોગંદ ભારી,
જાઉં કુરબાંન વારી, તેરે મયે બારી બારી,
આંખોમે હયે ખુમારા, જીકો હયે બે કરારી,

વારાંગનાઓ— ૨૭

પીલે શરાબ મજેદાર મેરે યાર—પીલે૦
જાહીર દિલકો જોશમેં લાવે,
રંજો હટાવે હજાર મેરે યાર—પીલે૦
દર્દ તમામકો ગૂર્દ કરત હે,
શરદમેં બહોત બહાર મેરે યાર—પીલે૦

પ્રભાવતી— ૨૮

આવો મીઠા મેમાન,
પાવન પાય ધારી આપો માન—આવો૦
દર્શન પામ્યે આપનાં દુઃખ થયાં સહુ દૂર,
સેવા કરશું સ્નેહથી સુખનો ઉગ્યો સૂર—આવો૦

માધવ—(હું તો આપનો ઋણી છું દાસનો પણ દાસ છું.)

પ્રભુ—( હા ખરૂં )

આવા સેવક સાંપડે,
એ ક્યાંથી સદ્‌ભાગ્ય;
આવા સેવકના સદા,
પુજું હું તો પાગ—આવો૦

સુંદરી— ૨૯

મુજ દિલ દુઃખવે છે દિન વચન આ તારાં,
હૃદય મારૂં ફાટી જાયે પણ, કેમ કરૂં બંધુ મારાં,
નિશદિન તારા સુગુણ ગણીને, નયન વહે વારી ધારા—મુજ૦
ખરી વખતમાં ખંત ધરી તેં,
નિજ તનથી, નિજ મનથી, સુખ તજીને દુઃખ ભજીને,
મન ગમતા સુખે રમતા અમને કીધા,
હા, પ્રિ-તિ-એ હર્યા—મુજ૦

સૌભાગ્ય— ૩૦

પાપી જાતું અહીંથી નફ્ટ નિર્લજ જા,
મારે ઉર જબરા ક્રોધની જાગી છે જ્વાળ,
તું જા તું જા તું જા તુ જા—પાપી૦
હાય હાય, મુજ નારી, વ્યભિચારી; ધા કારી થાય થાય,
કામી તું કામ વિકારમાં ડુલ્યો વદીને મુખથી મા, તુંજા,
તુ જા તું જા તું જા—પાપી૦

સુંદરી— ૩૧

અરે કોઇ આવો પિયાને મનાવો,
મારૂં દિલડું ચીરી ખોલી બતાવો—અરે૦
અરે પિયા મારો નહીં, પ્રેમ હાણુનાં બાણ,
તારે મન હું તુચ્છ છું તું મારે મન પ્રાણ,
મને તપતીને નાહીં તપાવો,

જાગી અગન બુઝાવો,
સોહાવો, લોભાવો,
પ્રાણ પીયા રીઝાવો—મારું૦

તી— ૩૨

આ વિપદ રાત વહી જાયે,
સ્વપ્નાંની પેરે, પુરી થાયે, આ૦
કાલ સૂર્ય સુખનો ઉદય થાશે,
ફિકર ભ્રમર દે છોડી, દીલ રીઝાય—આ૦

૩૩

--ચુપ જાઓ પરદેશી રસ્તે ચલાઓ
વ—(તારી સાથે)
—(મારી સાથે)
(ના ના હવે ના)
વ—(હા હા પ્યારી હા) ચુપ૦
—કહેશો જો આવું તો નહિ આવું સંગ,
વ—(ના ના નહિ બોલું છોડો ના ઉમંગ)
—હાં આવો રીઝાવો બનાવો પટાવો,
લોભાવો, ફસાવો. લઇ જાઓ લજાઓ—જાઓ૦

રી— ૩૪

થઇ ક્યાં ગઇ ગુમ તું હાથ ન કાં મુજ આવે,
શીદ વ્યર્થ સતાવે, તું ઝટ જડી જા, કાં મુજને ગભરાવે-થઇ૦
તુંને પ્રેમથી રાખી રહીતી સદા હું પાસે
જરી જાળવ્યો નહીં તેં નેહ ધ્રુજાવી ત્રાસે,
નાહક તરસાવે, તું ઝટ જડી જા, કાંત પતીને તપાવે -થઇ૦

## અંક ૩ જો.

— ૩૫

છાઇ રહી ચાંદની છટા ભરી,
હસી કેવા રહી સુંદરી મદ ભરી—છાઇ૦
રાતલડી સુતી સેજ સુંવાળી,
સખીની સંગ સ્નેહે ઠરી—હસી૦

કલ્યાણી— ૩૬

તું છે પ્રભુજી ત્રાતા,
સાચો છે સુખ દાતા, ચિંતા હરી દે શાતા—તું૦
તુજ વિના ન કોઇ વિશ્રામ, શાંતિનું ઠામ, દિલ આ
શામળા શોભિત, હું બની મોહિત,
નામ જપું નિત, પાવન પુનીત,
શુદ્ધ સાચે ચિત્ત, વારી વારી વારી સુદમાતા—તું૦

કલ્યાણી— ૩૭

શું કહું મારી વાત વિસ્તારી દુઃખ ભરી ભારી આ વા
જે અવિચારી જખમે કારી જીંદગી હારી હું પ્યારી,—
એક દિવસ સુતી બાગમાં હું સહેજ આંખ મળી ગઇ,
દુર્મદની દ્રષ્ટીએ પડી પાપીની બુદ્ધિ ચળી ગઇ,
જાગી ગઇ હું એટલામાં ક્રોધ મુજને વ્યાપીયો,
ભયભીત થઇને કરગરે ને દયા માગે પાપીયો,
દયા ધરીને માફ કરી તે વાત ના ફરી સંભારી—જે૦
એ કપટીએ રાજાને નામે મુદ્રિકા આ મોકલી,
હું સતી માટે નાંખી શંકા રાયના મનમાં વળી,
જોઇ વીંટી મુજ પાસે પતિ બહુ વચન કડવાં ભાખી
મુજ એક બોલ ન સાંભળ્યો અમને નદીમાં નાંખીયાં,
પુત્ર ગુમાવી આ સ્થળ આવી હું રહી ભાવીની મારી—

સુંદરી— ૩૮

બાઇરે કપટી ના મન મારું,
લાગે સરલ મનડું મુજને પ્યારું,
થયું હેત કોદી હું તો ન વિસારું—બાઇ૦
દુઃખણી હું શીદ બીજાને દુભવું ?
મુજ વીતી વિચારું,
નહીં ઠગું હું માત કરીશ રૂડું થવાનીજ વાત,
સુકૃત કરી ઠારું મન મારું—બાઇ૦

ડરી— ૩૯

ધીમાં ધીમાં ચાલો મારા પ્રાણ રે,
પગ નાજુક તમારા આ મચકાઈ જાશે, કમર લચકાઈ જાશે,
ઓ સુજાણ રે—ધીમાં૦

નાજુક વેલી ફુલ સમી, કોમળ આ તુજ કાય,
ધડકે છાતી શ્વાસથી, એ અંચળથી ઓળખાય,
પરસેવાનાં બીંદુ આ બાઝયાં મુખે,
મુખ રાતું થયું થાક અતિ દુઃખે,
આ છાતીપરે લ્યો વિસામો સુખે,
ઓ સુજાણ રે—ધીમાં૦

રસિંહ ૪૦

કાંતિ કયાં હરાઇ,
મધુરતા સમાઇ, શ્યામ છબી છવાઇ—કાંતિ૦
કાચની કુંપી સમાન અંતરની શુદ્ધ મતિ બદલાઇ,
ીર્તી સાટે કીધી તેં, કલંકની કમાઈ—કાંતિ૦

ડરી— ૪૧

એક સાંઝને સમે ઉભાં અટારી,
પુત્રને લડાવે લાડ સતી નારી,
નિહાળતી પતિની વાટ પ્રેમઘેલી,
હર્ષના તરંગમાં રમી રહેલી—એક૦

* * *

પતિ આવે સતી સામી જાય,
સ્રીના મનમાં હરખ ન માય,
બાળકને પતિ પાસે ધરે,
ઝબકી વીંટી આંગળી પરે,

* * *

પાપીએ ભંભેર્યા કાન,
એ વીંટી પરનરતું દાન,

* * *

સતી બિચારી ન જાણે કશું,

* * *

ઝેર પતિને અંતર વસ્યું.

* * *

નહિ પુછ્યું નહિ ગાળીયું,

*　*　*

સાંભળીયું નહિ કાંઈ,

*　*　*

નિર્દોષીને મારતાં,

ડર્યો નહીં દિલમાંય,

*　*　*

વ્હાલી નહિ વામા ગણી,

વ્હાલો ન ગણ્યો બાળ,

નાખ્યાં નદીમાં એહને,

થયો કારમો કાળ,

સુંદરી—　　　　૪૨

હું તો છુટી છેલાને છોડાવી,

મારે આજે આનંદ ઘડી આવી,

પલટાવી, ઉલટાવી,

બુરી બાજી બીજાજીની આજે દીધી મેં શમાવી—

જગ જીતી ચાલી, ફતે ઝુંડો ઝાલી,

પ્યારાની બનીશ આજ હું વ્હાલી, કલંક રહીત

દિલ ચ્હાઇ કર રહાઇ હરખાઇ મળું ધાઈ,

પ્રાણ પ્યારા કંઠે લગાવી—

સુંદરી—　　　　૪૩

ચાલ ચટકતી મ્હાલ મટકતી છેક છટકતી નજા—

ગુણ—મધુરી મુરલી બજતી મેં શુણી,

સુંદરી—નિરખી ફરતી મેં રતી હરણી—ચાલ૦

ગુણ—મોરલીની ધુની શુણી વ્યાકુળી થઇ,

સુંદરી—છબી આ છબીલી ચિત્ત ચ્હોટી ગઇ,

ગુણ—રંગના રસીયા,

સુંદરી—　　દિલમાં વસીયા

ગુણ—વારીજી બીહારી છું આભારી હું તમારી,

સુંદરી—આહા,　　ચાલ૦

ગુણ—　　　　૪૪

મોહી મન મોહના સુખ ભાણ મારા પ્રાણ પ્યારા,

ગુણો રૂડા તમારા.

॥ ૐ ॥

श्री बाबुलनाथो विजयतेतराम्

# શ્રી

# શારદાવિજય

## નાટકનાં ગાયનો

રચનાર વિજયશંકર કાળીદાસ વૈદ્ય.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી નવિન સુબોધ વિજય નાટક સમાજ.

ઇષ્ટેચ્છા બલિયસિ.

( સર્વ હક કર્તાને સ્વાધીન )

મુંબઇ

ધી શમશેર એન્ડ રાઇઝીંગ સ્ટાર પ્રેસમાં

શમશુદીન એન્ડ અબદુલરસુલએ છાપી છે.

સંવત ૧૯૬૪ ઇ૦ ૧૯૦૮

કીં૦ ૨ આના

# શ્રી શારદા વિજય

## ગાયન.

૧

શ્રી દેવી શારદે.
બીડ ભંજની ભકતની ભારતી મા,
ચરણ શરણમાં લે, લે, લે. શ્રી દેવી૦
શ્વેતવસ્ત્ર વપુશ્વેતધારિણી,
હંસ વાહિની બ્રહ્મચારિણી.
માત વિજય વર દે, દે, દે. શ્રી દેવી૦

૨

આજ કોણ વિશ્વે વિજય વરનાર છે.
જે છે લક્ષ્મીનો યાર કે છે વિદ્યા વરનાર—કોણ૦
વરે વિદ્યા વિજય લક્ષ્મી હાર છે.
શા છે આપો સાબીતી આધાર—
ચોરે ચોરને લુંટારૂ લુંટનાર છે.
ખાતાં ખરચે છે લક્ષ્મી જનાર—
ચોરો ચોરાય જેમ લુંટો લુંટાય જેમ,
ખરચો ખરચાય તેમ વિદ્યા વધનાર—કોણ૦

૩

સુમન સુગંધિત સુરસ સુરંગિત, રહ્યાં વિકસિત શાં બાગે જો
કલી કલી અલી અલી રમતાં ભમતાં ચુમતાં રસ શા લાગે જો
સુણી મીઠડાં પંખી ગીતડાં, હરણ ચિત્ત શાં ભાગે જો
મંદ લહેરખી પવનની સખી શાન્તિ ઝરણ શીત શા વાગે જો
અતી અદભુત કુદરત કૃતિ ગતિ કો માહા મતિ તેને તાગે જો
—સુમન.

૪

જોની કેવો ખીલ્યો જોબનીયાનો બાગ છે
ખીલ્યા છે ગાલ કે, ખીલ્યાં છે ગુલાબજો
છુટી જો પરાગલે, છુટી કેશ નાગ છે—ખીલ્યા.

હેમ સુધારસ ભર, નેણુ સ્નેહ સરવર
કીકી જો સ્વચ્છ છે, મચ્છ બરાબર
અખંડ અમૃત જેને ભાગ છે
નિશંક તે મીન મહા ભાગ્ય છે—ખાલ્યો.

૫

## ગરબો

સેવો સતી બ્હેન શાણી, પ્રેમ આણી.
જાણી પતિ ભગવાન—સેવો.

જાણી જીવ પ્રાણુ, જાણી સુખ ભાણુ.
જાણી ગુણુ ખાણુ, રૂપના નિધાન—સેવો.
વેદની છે વાણુ, તિર્થ ધામ છે તમામ—સ્ત્રીઓને શાંસ.
ગતિ પતિથી યુવતિની.
પતિ વિના કોઇ ના કોઇ ના કોઇ ના,
છે ત્રિભુવને ભામા ભગવાન—વેદની છે.

## સાખી.

તરવા ભવસાગર મળ્યું, જે માનવ તન નાવ,
તેનું શ્યામ સુખાન છે, રાખી ધ્યાન ચલાવ.
ધરી સુખાન કંથ, ધર્મ પંથ વીચરી,
પતિ પરાયણા, મહા સતી તણા.
વર્ગે વિરાજીરે. સ્વર્ગે ઠરી—સતી તણારે
ચર્ણુ તણી દેવ મુની પણ કરે છે સદા સેવના—સતી.

## સાખી

સતી અનસુયાનું ગયા, સત જોવા જે કાળ.
હરિ હરને બ્રહ્મા બન્યા, સતી માતના બાળ.
એવો સતી તણો મહિમા છે ઘણો.
રાખી એ જ્ઞાન, સેવો એક તાન—બ્હેન શાણી.

૬

જા જા ગોલા બહુ બોલા શું ડોળા બતાવે.
બાળી ભોળી તેં ભાળી તે નારી બીચારી.
તું શું દમ મારાને દબાવે—જા. જા.
સારૂં કુમારી નહીં થાવું છે,

પ્રુંથી આવી નહી ભૂસાતું છે.
જો પ્રું માન
જા નાદાન.
(પ્રશ્ન) બેલી શ્રી સત્યનો બચાવે જ્યાં
પ્રું શું ફાવે ત્યાં—જા. જા.

૭

બાળા બળદીયુ ગાય
પિતુવશ પરવશ ગરીબ બિચારી
જ્યાં દોરો ત્યાં જાય..............બાળા.
તન મન બાળે રાજ્ય પ્રજાળે
લોહી ઉકાલે દુ:ખી દુહિતાની હાય...બાળા.

૮

રમો કૂદો આવો ગેડી દડા લાવો.
જોડી જોડી જાઓ, ભેરૂઓ થાઓ.
ગેડી ને દડે ન રમ્મત ચડે ન.
ગમ્મત પડે લગાર
આંખ મિચાંમણી છૂપ છૂપામણી.
ઘોડ દોડામણી એજ ચલાવ.
કોણ કહો ઘોડા થાઓ.
કહો કોણ થાઓ છો સ્વાર બતાવો.—રમો.

૯

વાહ ન્યારી શી ખૂબી છે ભાગ્ય તારી.
નાંખો સવળ કરે દાવ અવળ પડે.
જો તું ફરે કરે છત્રધારી ભીખારી—ન્યારી૦
મ્હોત મળે ચહી સ્હાઓ મણીધર જ્યાં
જો તું ફળે તો મળે મણીકર ત્યાં.
ભાળી કૃતી તારી મતિ ભારી ગઇ હારી—-ન્યારી૦

૧૦

જાઓ જાઓ છોડો છેડો ન
છેડો ન કેડો લ્યો નાહીં સતાવો—
રસ પ્યાલા પીઓ પાવો--
સંગે પિયુની, રંગે જોબનીયું
માણી લ્યોને લ્હાવો રે—જાઓ.

૧૧

હું તો પ્રેમની જોગણ પિયુને શોધવા ચાલી.
શોધવા ચાલી પિયૂને શોધવા ચાલી—હું તો૦
રાજની જોગણ બની શીરતાજની જોગણ પિયૂને શોધવા ચાલી.
પ્રેમની કફની ધરીને પ્રેમની ઝોળી.
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળી—પિયૂ૦
કરું સાધના સૂંગારની, કરું સ્વામનું દરશન.
રટું મંત્ર કર માળા લઈ, બસ પ્રિયતમ પ્રિતમ—પિયૂ૦

૧૨

કાગ વીરા વેગે વાલમને દે જા દુખીનો સંદેશ.
જોગણને વેશે વીજોગણી કે જા ભમે દેશો દેશ.
જાએ જીતની સુધ હુએ
ધ્રુતનો કહે બતાય
વાકો બુરો ન માનીયે
ઓર કહાંસે લાય
ગાગરનાં પાણી ગુકી છળે
સાગર ન માઝા મુકી છળે
નીતિનો ધારો એ ધારો પ્રાણેશ
દોષો ન ધારો પધારો પ્રાણેશ—કાગ.

૧૩

લેશ ન લ્હેર પવનની વાયે, તેમ ન પંખી જણાયે
તોયે સ્થીર ગંભીર જલ માંહે કાં તું ડોલાં ખાયે
દેખી મુજ દુઃખ શીર કંપાવે, કે મરતી મુજને અટકાવે.

૧૪

પ્રથમ કમલ ડોલી કહે તુજને
નથી પતિ તુજ આ ઠામે
પછી ડોલી સમજાવે સાને
જીવતો ભદ્રા પામે
પ્રાણ તું ના પરહર પ્યારી—નજર કર આમ મનોહારી

૧૫

જાઓ કંઇ કુડા આળ શું ચડાવો છો.
ભૂલ્યો ભૂલ્યો રસીલી વ્હાલી.
ભૂલ્યો રંગીલી વ્હાલી.
ભૂલ્યો છબીલી વ્હાલી.
આવો શું રીસાયા છો—જાઓ૦
આવો આવો જોબન જંગ ખેલીયે,
આવો આવો મન રંગ રેલીયે,
આવો મધુર બાળા.
આવો ચતૂર વ્હાલા.
પાઓ મધૂ રસાળા.
પ્રિતીના પૂર પ્યાલા.
જાઓજી જાઓજી જાઓ શું સતાવો છો—જાઓ૦

૧૬

જાન જાય તોયે ના ના ન છોડું
જાન જાન લઉં બસ જાન—જાન
ફરી ફરી ફરી, સ્થળ સ્થળ સ્થળ
કરી કરી કરી, કલ બલ છલ—જાન

૧૭

શી ખીલી જુવાની જાદુગારી ભારી મારી
ગુલાબી રંગે છે રંગી અનંગે, જે જંગી સંગે જીતનારી
જોઇને મોહીને ખોઇ બેઠા શર્મ, પર્મ કર્મ ધર્મ ધારી—શી૦
ગોરાશા ગાલોને નાગણશા વાળોને
કામણની જાળો પસારી,
લીધા ફસાવી લાખો નરને કીધા મેં જરધર બનાવી ભીખારી—શી
વિલાસી નામે ને ગુણીકાને કામે, છું ગામે જાણીતી હું નારી
પંખી મન ધારૂં તો ગગને પણ મારૂં. છું એવું પણ ધારી—
શીકારી—શી ખીલી.

૧૮

રાજપૂરનો રહેનારો આ થયો મુજ ઘેરે મહેમાન
મેં પણ રાખ્યો ખુશી થકી ધારી છે ધાર થકી અંજાણ
વાત ચીતમાં બેઠાતાં બન્ને ત્યાં બારી પર જઇ કહ્યું

ગજ ગજ મોટાં પાન ભરી જો પેલી ગલીમાં ગાડું ગયું
હું પણ થઇ નાદાન ખરી કે જાણી ખરૂં એ જોવા ગઇ
પુછો તે પાછળ આ મારા શેઠ તણી કેવી ગત થઇ
મેં આવીને પૂછ કરી કે ભાઈ વિલાસી ક્યાં ગઇ છે
કહે મને કે ગઇ વિલાસી કોઇ પુરૂષ સંગે લઇને
ચડયો ક્રોધને પડયો પાછળે પાછળ આવી વિલાસી
કહે મુજને ગયા શેઠ તો કોઇ નારી શંગે નાસી
હું પણ ક્રોધે થઇને રાતી માતી તેની પુંઠે વળી
પાછળથી આ માડી મારી મંદીરથી ઘર પાછી વળી
મને કહે કે રાજપુરેથી અશુભ વાત એક આવી છે
તેથી કરવા સ્નાન વિલાસી નદી પરે સીધાવી છે
રાજપુરે મુજ પતિ રહે છે મેં જાણ્યું કે એજ મુવા
છતે ધણી કૂટયાં પીટયાં ને ફોગટ હાય ફજેત મુવા

૧૯

## ગાયન.

થાશું થાશું અમે મોટા શેઠીયા
જાશું જાશું બની ઠની શેઠીયા
રંગીલા શેઠીયા, રસીલા શેઠીયા, છબીલા શેઠીયા
આહો ! થાશું—
ભટાણી જોઇ શેઠ આનંદમાં ભેટીયા
શેઠાણી શેઠીયા ગાડીમાં લેટીયા—
ચલાવ—બસ થાશું—

૨૦

ફરકો ધ્વજ ધર્મ કેરો, ધારાધિપતી તણો ત્રણ ભુવને—ફરકો૦
નામો અરિ નરવર તણે ચરણે મુખ તરણે—ફરકો૦
દુરજનને પરહરતાં સજ્જનને સંઘરતાં
ગુણી જનનાં ઘર ભરતાં ભોજ ભુપાળ
ભય વામો વિજય પામો અક્ષય જામો રાજ્યાસને—ફરકો૦

૨૧

ગાજે ગાજે ગગન ઘનઘોર ચોમાસું આવ્યું રે
જામે વાદળીયોનું જોર—ચોમાસું
કરે મોર કોયલ ટહુકાર—ચોમાસું

આખા જગમાં છાયો અંધકાર—ચોમાસું
ગાજે મેઘને વિજળી થાય--ચોમાસું
મીઠા વાયુ તણી લ્હેર વાય--ચોમાસું
પડે ઝરમર ઝગમર નીર—ચોમાસું
ભરે નદી સરોવર તીર—ચોમાસું
આવ આવરે વરસાદ ઘેવરીઓ પ્રસાદ
ઉની ઉની રોટલી ને કારેલાંનું શાક
આવ આવરે વરસાદ નેવલે પાણી
આ નઠારી છોકરી ને દેડકે તાણી
આવ આવરે વરસાદ નેવલે પાણી
આ મોઘીબાઈની મોતડીને દેડકે તાણી

૨૨

દીવાનાં દીલડાં, ડાહ્યું જરી તું થારે.
મસ્તાનાં મનડાં માના જરા સ્થિર થારે.
કાં નાહક મરવા બની પતંગ દીવે ધારે--દીવાનાં
દીવાને દરકાર નહીં, બળી બળી મરે પતંગ
એવો જીવડા જાણ તું જુઠો પ્રિતિનો રંગ,
એવા જુઠા રંગે ન રંગારે.--દીવાનાં
જે મુરત પર મોહીને તું તરફડી મરે અહીં
તેને તારૂં સ્વપ્ન નહીં, મીઠી નીંદર મહી
મિથ્યા આશા તાણે ન તણારે--દીવાનાં

૨૩

સખી જેણે મોહ મદીરા પીધો
જાણે છતી આંખે અંધાપો લીધો--સખી૰
કર્મ આચાર ત્યાગી, શર્મ વિચાર ત્યાગી
ધર્મ આધાર ત્યાગી દીધો
ત્યાગી તેણે શાંન્તિ સંતાપ માગી લીધો--સખી૰
વિદ્યા વિવેક ત્યાગી કુળની ટેક ત્યાગી
છેક આહાર ત્યાગી દીધો
ત્યાગી તેણે ઉંઘ ઉજાગરો લીધો--સખી૰

૨૪

કેને બ્હેની શું જોઇ મોહી બેઠી ખોઇ શુદ્ધ સાન તું--કેને૦
બેઠી મેલી ઘેલી ખાનપાન તું--
મોહી કાયાને જોઇ--માયાને જોઇ
અમારી વાતની તારે પંચાત શી જા જીવ ખા ન તું-કેને૦
ચાલ ચટકે મોહી છે શું કેની
મુખ મટકે મોહી છે શું બેન
કેની એવા શાં કામણે બની બેભાન તું--કેને૦

૨૫

મારી કરીને મોહ બાણુ કવી કુડા.
કાતીલ થઇ આમ ન સતાવ
ચોરી કરીને ચીત પ્રાણુ કવી કુડા--કાતીલ૦
તારા પ્રેમની લગની લાગી મુને
કુડા કામની જવાળા જાગી મને
જાગ જાગ બળું આગથી બચાવ કવી કુડા--કાતીલ૦

૨૬

ખરેખર તુલસી સમ ગતી તારી
જાત જુદી પણ ભાત એક છે
એક પુરૂષ તું નારી--ખરેખર
ગાંડો તે ગુણિકા પુઠે તું મારાપર જેમ
ત્યાં થઇતી ગત તે તણી તારી અહીં થઇ તેમ--ખરેખર.
કાષ્ટ ગણીને શબ ધરી, ઉતર્યા તે નદીપાર
સમજી દોરી સાપને, પકડી ચડયો અટાર--
તેં અગની પુલ ગણી, ધર્યા હાથ મોઝાર
બની પ્રેમાંધ ધર્યો અરે, અવળો જો શણગાર--
દ્રઢ વૃતી દ્રઢ પ્રાણ છે, બેના એક સમાન
તુલસી સમ તર તુંય લઇ વેશ્યા વચન પ્રમાણ--ખરેખર.

૨૭

મુરખ મનવા તજ તોફાન
રટ તું એક નીરંજન નામ
માત તાત સુત બાંધવ બેની

માયા તણા [illegible] રટ તું
હાય હાય કરી [illegible] હજારો
કોઇ ન આવે કામ--રટ તું
બાગ બંગલા છોડી છેવટ
જઈ વસવું સમશાન-રટ તું

૨૮

તોફાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે
મસ્તાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે--તોફાની૦
માયા પી સૂતા શું મૂરખ જાગી કરો ઝટ સ્હાય--
પાપી પવનના ખાઇ પછાડા, ભાડે જઇને ભરાયરે-તોફાની૦
મહા સાગર તો માપી આવ્યા ખાડે ખુંચી જાય--
લખ ચોરાસી બંદર કીધાં, ફોગટ ફેરા થાયરે--તોફાની૦

૨૯

આજ્ઞા આપો તો પિયુજી
કરૂં અગ્નિમાં પ્રવેશ--
સાચું શીયળ બતાવા--
પીતળ હેમ દે પારખું પિયુ
હુતાશને હોમાય
સુવર્ણ પીળપ ના તજે
પીતળ કાળું થાય
છે શું એ સત્તા
જી હા--આજ્ઞા.

૩૦

પરદેશી મુસાફર માર્ગ વિકટ છે ચેતી ચાલજો
આ દેશ તણી વસ્તી સહુ ઠગ છે ચેતી ચાલજો
માયા છે અહીંની મહારાણી, ચોર તણી પણ ચોર
મોહ મદીરા પાઇ બનાવે અંધ, એ રાંડ નઠોર
યથા રાજા તથા રૈયત છે, એક ચોર તો એક ઠગ છે.
ઉપર તો ધોળાબગ છે પણ અંતર કાળાકગ છે--ચતુર નર.
કોઇ કહેશે માત તમારી, કોઇ કહેશે તાત
કોઇ કહેશે ત્રીયા તમારી, કોઇ કહેશે ભ્રાત